ગુજરાત અનુસુચિત જાતિ અતિ પછાત વિકાસ નિગમની વર્ષ ૨૦૧૫-૧૬ માટેની રૂ.૨૫.૦૦ લાખની વહીવટી ગ્રાન્ટ પૈકી બાકી રહેતી રૂ.૧૫.૦૦ લાખ છુટી કરવા બાબત...

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:-અપબ/૧૩૧૨/૨૩૪૭૨૨/જ,
સચિવાલય, ગાંધીનગર.
તા:૧૬/૧૦/૨૦૧૫.

<u>વંચાણમાં લીધા:-</u>

૧) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા:૩૦/૦૯/૨૦૧૫ નો પત્ર ક્રમાંક: અજાક/મ/૨૦૧૫/૪૦૯૮-૯૯.
૨) ગુજરાત અનુસુચિત જાતિ અતિ પછાત વિકાસ નિગમ, ગાંધીનગરનો તા:૧૬/૦૯/૨૦૧૫નો પત્ર ક્રમાંક:ગુઅપવિવિ/૧૫/૧૧-૯૯-૧૨૦૦.

**આમુખ:-**

ગુજરાત અનુસુચિત જાતિ અતિ પછાત વિકાસ નિગમ, ગાંધીનગરની વહીવટી ગ્રાન્ટ માટે વર્ષ:૨૦૧૫-૧૬ માં રૂ.૨૫.૦૦ લાખની (અંકે રૂપિયા પચીસ લાખ પુરા) આયોજન સદરે ચાલુ બાબત તરીકે બજેટ જોગવાઈ થયેલ છે. તે પૈકી નિગમના અધિકારી/કર્મચારીઓના પગાર, ભથ્થા તથા કન્ટીજન્સી ખર્ચને પહોંચી વળવા માટે બાકી રહેતી રૂ.૧૫.૦૦ લાખની વહીવટી ગ્રાન્ટ ફાળવવા ગુજરાત અનુસુચિત જાતિ અતિ પછાત વિકાસ નિગમ, ગાંધીનગર દ્વારા ક્રમાંક-૨ ના તા:૧૬/૦૯/૨૦૧૫ ના પત્રથી દરખાસ્ત કરેલ છે અને ઉકત રકમની વહીવટી ગ્રાન્ટ ફાળવવા નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ દ્વારા ક્રમાંક – ૧ ના તા:૩૦/૦૯/૨૦૧૫ ના પત્રથી ભલામણ કરેલ છે.

**ઠરાવ:**

ગુજરાત અનુસુચિત જાતિ અતિ પછાત વિકાસ નિગમની ઉકત દરખાસ્ત પરત્વે રૂ. ૧૫.૦૦ લાખની (રૂપિયા પંદર લાખ પુરા) વહીવટી ગ્રાન્ટની મંજૂરી નીચેની શરતોની આધિન આપવામાં આવે છે.

આ અંગે થનાર ખર્ચ વર્ષ:૨૦૧૫-૧૬ ના બજેટ સદર માંગણી નંબર-૯૫, મુખ્ય સદર-૨૨૨૫-અનુસૂચિત જાતિ/આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર-૦૧, અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર-૧૯૦ જાહેર ક્ષેત્રે અને અન્ય ઉપક્રમોમાં મુડી રોકાણ, પેટા-સદર (૩) બીસીકે-૪૧ અનુસૂચિત જાતિ પેટા યોજના બેચર સ્વામી અતિ પછાત જાતિ વિકાસ બોર્ડ હેઠળ ઉધારવાનો રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા:૧૫/૧૦/૨૦૧૫ ની નોંધથી મળેલ સમંતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.આર. મહેતા)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી (સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ૪/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/ રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત અનુસુચિત જાતિ અતિ પછાત વિકાસ નિગમ, ૪/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. ઉકત ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ.
- સેક્શન અધિકારીશ્રી, નાણાં વિભાગ (અ-શાખા), સચિવાલય, ગાંધીનગર.
- પસંદગી ફાઇલ